# અમેરિકાના વિરોધ વચ્ચે વિશ્વનો નવો નકશો મંજૂર

**સંયુક્ત** રાષ્ટ્ર મહાસભાએ ઐતિહાસિક પ્રસ્તાવ પસાર કર્યો

**દેશો,** ખંડોના ક્ષેત્રફળ એ જ રહેશે, કદનો દેખાવ બદલાઇ શકે છે

**૧૬મી** સદીના મર્કેટર નકશાને સ્થાને 'ઈક્વલ અર્થ પ્રોજેક્શન' નામનો નવો નકશો મંજૂર

**જૂના** નકશામાં કેટલાક દેશો, ખંડોના કદ સપ્રમાણ દેખાતા ન હતા: નવા નકશામાં આ ભૂલ સુધારાઇ, સરહદોમાં ફેરફાર નહીં

આફ્રિકા ખંડ મોટો અને યુરોપ-અમેરિકા નાના દેખાશે

### નવા નકશાનો વિરોધ માત્ર અમેરિકાએ કર્યો, ભારતે ટેકો આપ્યો

સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં નકશો બદલવાના પ્રસ્તાવના પક્ષમાં 164 દેશોએ મતદાન કર્યું, જ્યારે 6 દેશો વોટિંગથી દૂર રહ્યા. અમેરિકાએ આ પહેલની સખત ટીકા કરી. અમેરિકી પ્રતિનિધિ ચારિના ફેરેન્સેવિચે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્રએ દુનિયાની અસલી સમસ્યાઓ પર ધ્યાન આપવું જોઈએ, નહીં કે 16મી સદીના નકશાને બદલવા જેવી ચર્ચાઓ પર. તેમણે આને એક વૈચારિક એજન્ડા ગણાવ્યો અને કહ્યું કે આવી ચર્ચાઓના કારણે સંયુક્ત રાષ્ટ્ર પોતાની વિશ્વસનીયતા ગુમાવી રહ્યું છે. બીજી તરફ, આફ્રિકન યુનિયને આ નિર્ણયનું સ્વાગત કર્યું છે. તેમણે વિશ્વના નવા નકશાને વધુ સચોટ અને સમાનતાવાળો બનાવવાની દિશામાં એક ઐતિહાસિક પગલું ગણાવ્યું. ભારતે પણ આ પહેલને સમર્થન આપ્યું છે. આ ઠરાવ) ટોગો દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યો હતો જેને સમર્થનમાં 164 મતો મળ્યા હતા, જ્યારે એસ્ટોનિયા, જ્યોર્જિયા, લિથુઆનિયા, મોલ્દોવા, સર્બિયા અને યુક્રેને મતદાનમાં ભાગ નહોતો લીધો, અને યુનાઇટેડ સ્ટેટ્સ(અમેરિકા) તરફથી એકમાત્ર વિરોધી મત પડ્યો હતો.

### ભારત: ક્ષેત્રફળ એ જ રહેશે, આકાર મોટો દેખાઇ શકે છે

ભારતની વાસ્તવિક જમીન, આંતરરાષ્ટ્રીય સીમાઓ કે ક્ષેત્રફળમાં કોઈ ફેરફાર થશે નહીં. આ બદલાવ દેશોની સીમાઓ બદલવા માટે નથી, પરંતુ નકશા પર પૃથ્વીને દર્શાવવાની રીત બદલવા માટેનો છે. ભારતનો નકશો જોવામાં પણ થોડો અલગ દેખાઈ શકે છે, પરંતુ ભારતના કિસ્સામાં બદલાવ બહુ મોટો નહીં હોય.

નવો નકશો ક્ષેત્રફળને સાચા પ્રમાણમાં દર્શાવે છે. જૂના નકશામાં વિષુવવૃત્તની આસપાસના વિસ્તારો તેમના મૂળ આકાર કરતાં નાના અને ધ્રુવો નજીકના વિસ્તારો મોટા દેખાતા હતા. ભારત વિષુવવૃત્તથી બહુ દૂર નથી, તેથી જૂના નકશામાં પણ તેનો આકાર અમુક હદ સુધી નાનો દેખાતો હતો. ભારત થોડું મોટું દેખાઈ શકે છે, ખાસ કરીને જ્યારે તેની સરખામણી યુરોપ, રશિયા અને કેનેડા જેવા વધુ ઉત્તરીય દેશો સાથે કરવામાં આવે.

ન્યૂયોર્ક, તા.૫: દુનિયાનો નકશો હવે કંઈક બદલાયેલો જોવા મળશે. આ અંગે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ શુક્રવારે એક ઐતિહાસિક પ્રસ્તાવ પસાર કર્યો છે. ભારતે પણ આ પ્રસ્તાવના પક્ષમાં મતદાન કર્યું છે. અમેરિકા આ પ્રસ્તાવની વિરુદ્ધમાં મતદાન કરનાર એકમાત્ર દેશ રહ્યો.

આ નિર્ણયથી દેશો અને ખંડોના ક્ષેત્રફળ પર કોઈ અસર નહીં પડે, બસ તેમનો આકાર પહેલા કરતાં થોડો નાનો કે મોટો દેખાઈ શકે છે. અત્યાર સુધી પૃથ્વી પરના દેશો અને ખંડો દર્શાવવા માટે 'મર્કેટર વર્લ્ડ મેપ'નો ઉપયોગ કરવામાં આવતો હતો. તેમાં દેશો અને ખંડોનો આકાર તેમના વાસ્તવિક ક્ષેત્રફળ કરતાં મોટો કે નાનો દેખાતો હતો. નવા નકશાનું નામ 'ઈક્વલ અર્થ પ્રોજેક્શન' છે. તેમાં આફ્રિકા ખંડ પહેલા કરતાં ઘણો મોટો, જ્યારે યુરોપ અને ઉત્તર અમેરિકા નાના દેખાશે. એશિયાના કેટલાક ભાગોનો આકાર પણ પહેલા કરતાં નાનો દેખાશે. આફ્રિકા અસર સૌથી વધુ જોવા મળશે, કારણ કે તેનો વાસ્તવિક આકાર જૂના મર્કેટર નકશાની સરખામણીમાં ઘણો મોટો દેખાશે.

વિશ્વમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા નકશાઓમાંનો એક મર્કેટર નકશો છે. તેને યુરોપિયન મેપ મેકર ગેરાર્ડસ મર્કેટરે વર્ષ 1569માં બનાવ્યો હતો. તેનો મુખ્ય હેતુ સમુદ્રમાં જહાજોના રસ્તા અને દિશા સમજવાનું સરળ બનાવવાનો હતો. પરંતુ ગોળાકાર પૃથ્વીને સપાટ નકશા પર દર્શાવવાના કારણે તેમાં દેશો અને ખંડોનો આકાર વાસ્તવિકતા કરતાં અલગ દેખાવા લાગે છે. જેમ જેમ કોઈ વિસ્તાર વિષુવવૃત્તથી દૂર જાય છે, તેમ તે નકશા પર જરૂરિયાત કરતાં વધુ મોટો દેખાવા લાગે છે. આ જ કારણ છે કે ઉત્તરીય અને દક્ષિણી ભાગોના ઘણા વિસ્તારો વાસ્તવિકતા કરતાં ખૂબ મોટા દેખાય છે. ગ્રીનલેન્ડ આનું સૌથી પ્રખ્યાત ઉદાહરણ છે. મર્કેટર નકશામાં ગ્રીનલેન્ડ દક્ષિણ અમેરિકાના લગભગ બરાબર દેખાય છે. પરંતુ વાસ્તવમાં બંનેના આકારમાં બહુ મોટો તફાવત છે. ગ્રીનલેન્ડનું ક્ષેત્રફળ લગભગ 22 લાખ ચોરસ કિલોમીટર છે, જે ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોના લગભગ બરાબર છે. જ્યારે આફ્રિકાનું ક્ષેત્રફળ લગભગ 3 કરોડ ચોરસ કિલોમીટર છે. એટલે કે આફ્રિકા ગ્રીનલેન્ડ કરતાં લગભગ 14 ગણું મોટું છે.

છતાં મર્કેટર નકશાને જોઈને બંનેનો આકાર લગભગ એક સરખો જ લાગે છે. આ જ તે તફાવત છે જેને હવે ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. યુએનનો આ પ્રસ્તાવ કાનૂની રીતે બંધનકર્તા નથી. એટલે કે તે દેશો, શાળાઓ, પુસ્તકોના પ્રકાશકો કે ટેક કંપનીઓને મર્કેટર નકશો હટાવવા માટે મજબૂર કરતો નથી. જો કે આનાથી નકશો વધુ સારી રીતે સમજી શકાય છે તેથી ઘણા દેશો આ નકશો અપનાવી શકે છે. મર્કેટર નકશાને સંપૂર્ણપણે નાબૂદ કરવાની વાત પણ કહેવામાં આવી નથી. દરિયાઇ અને હવાઇ નેવિગેશનમાં તેનો ઉપયોગ ચાલુ રહી શકે છે, કારણ કે તેમાં દિશાઓને સાચી રાખવાની વિશેષતા છે.



# નેપાળમાં એક વૃદ્ધા કાટમાળ હેઠળથી દસ દિવસ પછી જીવતી મળી આવી!

**એક** હાઇડ્રોપાવર સુરંગમાંથી એક ચીની પુરુષ પણ જીવતો મળ્યો

નોવાકોટ (નેપાળ), 5: નેપાળી બચાવકર્તાઓએ વિનાશક પૂર આવ્યાના દસ દિવસ પછી એક પુરુષ અને મહિલાને જીવંત શોધી કાઢ્યા હતા. આમાંથી એક ચીની પુરુષ હાઈડ્રોપાવરની સુરંગમાંથી જીવતો મળ્યો છે જ્યારે મહિલા કાટમાળ હેઠળથી જીવતી મળી છે.

જો કે ગયા મહિને આવેલા પૂરના પરિણામે બ્લોક થઈ ગયેલી હાઈડ્રોપાવર પ્રોજેક્ટની સુરંગોની અંદર સેંકડો લોકો અટવાયેલા છે. અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું કે સુરંગમાંથી એક ચીની નાગરિકને બચાવી લેવામાં આવ્યો છે - જેની સાથે ત્રિશુલી હાઈડ્રોપાવર પ્રોજેક્ટમાંથી જીવંત બહાર કાઢવામાં આવેલા લોકોની કુલ સંખ્યા ત્રણ થઈ ગઈ છે.

તસવીરોમાં તેને હેલિકોપ્ટર દ્વારા એરલિફ્ટ કરીને લઈ જવામાં આવી રહ્યો છે, અને ફ્લાઈટ દરમિયાન આર્મી મેડિકલ ઓફિસર તેની તપાસ કરી રહ્યા છે.

નેપાળના નોવાકોટ જિલ્લાના વિદુર શહેરમાં વિનાશક ઘોડાપૂર બાદ માટી અને કાટમાળ નીચે દબાયેલા એક ચાર માળના મકાનના સૌથી ઉપરના માળેથી 10 દિવસ સુધી ફસાયેલી રહેલી 60 વર્ષીય મહિલાને જીવંત બહાર કાઢવામાં આવી હતી તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

# એક બીજાની રાજધાની પર હુમલા અટકાવવા રશિયા-યુક્રેન સંમત

**અમેરિકી** દૂતોની મધ્યસ્થીથી શાંતિ વાટાઘાટો પુન:જીવિત

**બંને** દૂતો રશિયા આવી પહોંચ્યા, ક્રેમલિનમાં પુતિન સાથે મુલાકાત કરી, આજે યુક્રેન જશે

મોસ્કો, તા. ૫(એપી): રશિયા અને યુક્રેનના નેતાઓ શનિવારે એકબીજાની રાજધાનીઓ પર હુમલા અટકાવવા સહમત થયા હતા, જ્યારે અમેરિકાના દૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશ્નર યુક્રેન પર રશિયાના પૂર્ણ-સ્તરના આક્રમણને સમાપ્ત કરવાના અટકી ગયેલા પ્રયાસોને પુનર્જીવિત કરવા માટે વાટાઘાટો કરી રહ્યા છે અને રશિયા તથા યુક્રેનની મુલાકાતે આવ્યા છે.

રશિયાના પ્રમુખના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે રશિયાની તાસ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે, "પ્રમુખ પુતિને આદેશ આપ્યો છે કે આજે મધ્યરાત્રિથી શરૂ કરીને ત્રણ દિવસ માટે કિવ પર કોઈ હુમલા કરવામાં ન આવે." તેમણે જણાવ્યું કે આ નિર્ણય વિટકોફ અને કુશ્નરની યુક્રેનની રાજધાનીની આયોજિત મુલાકાત સાથે જોડાયેલો છે, જેના વિશે કિવએ કહ્યું છે કે તે રવિવારે યોજાશે. રશિયાની તાસ ન્યૂઝ એજન્સીને પ્રમુખના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે જણાવ્યું હતું કે, પુતિને આદેશ આપ્યો છે કે આજે મધ્યરાત્રિથી શરૂ કરીને ત્રણ દિવસ સુધી કીવ પર કોઈ હુમલા કરવામાં ન આવે. તેમણે ઉમેર્યું હતું કે આ નિર્ણય વિટકોફ અને કુશ્નરની યુક્રેનની રાજધાનીની આયોજિત મુલાકાતની તૈયારીઓ સાથે જોડાયેલો છે, જે રવિવારે યોજાશે તેમ કીવે જણાવ્યું છે. કિવે પણ રશિયન રાજધાની પર હુમલા અટકાવવાની સંમતિ આપી છે. દરમ્યાન, બાદમાં મળેલા અહેવાલ મુજબ રશિયન પ્રમુખ પુતિન અમેરિકી દૂતોને ક્રેમલિન ખાતે મળ્યા હતા. શું વાતચીત થઇ તે જાણવા મળ્યું નથી.

વોશિંગ્ટનનો આ લડાઈનો અંત લાવવાનો પ્રયાસ, જે હવે તેના પાંચમા વર્ષમાં છે, તેની ગતિ ધીમી પડી ગઈ છે કારણ કે છેલ્લા છ મહિનાથી અમેરિકાનું ધ્યાન ઈરાન સાથેના તેના યુદ્ધ પર ધ્યાન કેન્દ્રિત રહ્યું છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ કુશ્નર અને વિટકોફની મોસ્કોની છેલ્લી જાણીતી મુલાકાત જાન્યુઆરીમાં થઈ હતી, જ્યારે તેઓ ક્રેમલિનમાં રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનને મળ્યા હતા. તેમણે અગાઉ ક્યારેય કીવની મુલાકાત લીધી નથી.

# પહેલગામ હુમલામાં સામેલ LeT કમાન્ડર યાસિર ઠાર

**વોન્ટેડ** યાસિર 2022થી જમ્મુ-કાશ્મીરમાં સક્રિય ચાર સભ્યોના એલઈટી ગ્રુપનો હિસ્સો હતો



શ્રીનગર, તા. 5: મધ્ય કાશ્મીરના બડગામ જિલ્લામાં સુરક્ષા દળોને મોટી સફળતા સાંપડી છે. યુસમર્ગના ઉપરી વિસ્તારમાં આવેલા અશદાર જંગલોમાં શનિવારે સેના અને આતંકવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં પાકિસ્તાની આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબા (LeT) નો કમાન્ડર યાસિર ઉર્ફે અબુ તલ્હા માર્યો ગયો છે. આ ઓપરેશન સ્પેશિયલ ફોર્સિસ અને 53 રાષ્ટ્રીય રાઈફલ્સ (RR) દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવ્યું હતું.

ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે સુરક્ષા દળોએ યુસમર્ગના જંગલ વિસ્તારમાં ઘેરાબંધી કરીને શોધી અભિયાન શરૂ કર્યું હતું. આ દરમિયાન આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. સુરક્ષા દળોએ વળતો પ્રહાર કરતાં મોસ્ટ વોન્ટેડ આતંકી યાસિરને સ્થળ પર જ ઠાર કર્યો હતો. આ વિસ્તારમાં સેનાનું સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે.

**ઠાર કરાયેલા આતંકીનો ઈતિહાસ**

**પહેલગામ હુમલામાં સામેલ:** પહેલગામ આતંકવાદી હુમલા બાદ સામે આવેલી તસવીરમાં ચાર આતંકીઓ જોવા મળ્યા હતા, જેમાં યાસિર પણ સામેલ હતો. આ ચારમાંથી બે આતંકીઓને અગાઉ જ ઠાર કરવામાં આવ્યા હતા, જ્યારે ત્રીજો આતંકી યાસિર આ એન્કાઉન્ટરમાં માર્યો ગયો છે. હવે ચોથો આતંકી હાશિમ મૂસા ફરાર છે, જેની શોધખોળ ચાલુ છે.

**વાયુસેનાના કાફલા પર હુમલો:** યાસિર વર્ષ 2024 માં પૂંચ ખાતે ભારતીય વાયુસેના (IAF) ના કાફલા પર થયેલા આતંકી હુમલામાં પણ મુખ્ય આરોપી હતો, જેમાં એક જવાન શહીદ થયો હતો.

**સુલેમાન મૂસા જૂથનો હિસ્સો:** યાસિર અગાઉ લશ્કર-એ-તૈયબાના મોટા 'સુલેમાન મૂસા જૂથ' સાથે જોડાયેલો હતો, પરંતુ એક વર્ષ અગાઉ અલગ થઈને બડગામ અને યુસમર્ગ વિસ્તારમાં સ્વતંત્ર રીતે આતંકી પ્રવૃત્તિઓ ચલાવી રહ્યો હતો.



# ફ્લાઈટમાં તોફાન મચાવનાર શખ્સને સીટ સાથે બાંધી દેવાયો

**અમેરિકન** એરલાઇન્સની ડલાસથી ન્યૂજર્સી જતી ફ્લાઇટનો બનાવ

ન્યૂજર્સી, તા. ૫: અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટમાં એક શખ્સે કથિત રીતે દારૂના નશામાં રંગભેદી અને સમલૈંગિકો પ્રત્યે નફરતભરી ટિપ્પણીઓ કરીને હોબાળો મચાવ્યો હતો, જેના કારણે વિમાનને ડાઈવર્ટ કરવું પડ્યું હતું. જો કે ત્યારબાદ તે વ્યક્તિને તેની સીટ પર જ મજબૂત પટીઓ વડે બાંધી દેવામાં આવ્યો હતો.

'TMZ'ના અહેવાલ મુજબ, એરિઝોનાના રહેવાસી 67 વર્ષીય આર્થર લુન્ડીનને ડલાસ, ટેક્સાસથી ન્યૂઆર્ક, ન્યૂ જર્સી જઈ રહેલી ફ્લાઈટ 618માં ઝિપ-ટાઈ અને ડક્ટ ટેપથી સીટ સાથે બાંધી દેવો પડ્યો હતો. જ્યારે ફ્લાઈટે તેનો 75 ટકા પ્રવાસ પૂર્ણ કરી લીધો હતો, ત્યારે રાત્રે આશરે 10 વાગ્યે લુન્ડીન, જે મુસાફરોના જણાવ્યા મુજબ નશામાં ધૂત લાગતો હતો, તેની બાજુમાં બેઠેલા પુરુષ મુસાફર પર બૂમો પાડવા લાગ્યો હતો.

મળેલી માહિતી મુજબ, આ શખ્સ ક્રાઈસ્ટ અને નરકમાં જવા વિશે જોર-જોરથી બોલીને હંગામો કરી રહ્યો હતો, જેથી મામલો શું છે તે જોવા માટે એક ફ્લાઈટ અટેન્ડન્ટ તેની પાસે આવ્યા હતા. રિપોર્ટમાં જણાવાયું છે કે, ફર્સ્ટ ક્લાસમાં બેઠેલા લુન્ડીને અશ્વેત ફ્લાઈટ અટેન્ડન્ટ માટે જાતિવાદી અપશબ્દનો ઉપયોગ કર્યો હતો અને હોમોફોબિક ટિપ્પણીઓ કરી હતી.

# અમેરિકાના ૫૦ ઉચ્ચ લશ્કરી અધિકારીઓનો પોલિગ્રાફ ટેસ્ટ

વૉશિંગ્ટન, તા. ૫: અમેરિકાના આધુનિક ઈતિહાસમાં પહેલીવાર, પત્રકારોને વર્ગીકૃત માહિતી લીક થયા બાદ એક તપાસના ભાગરૂપે અમેરિકી સરકારી તપાસકર્તાઓએ ૫૦ ઉચ્ચ કક્ષાના સૈન્ય અધિકારીઓના માસ પોલિગ્રાફ ટેસ્ટ (લાઇ ડિટેક્ટર ટેસ્ટ) લીધા છે. લીક થયેલી માહિતીમાં ઈરાન યુદ્ધના કારણે મહત્વપૂર્ણ શસ્ત્રોની અછત હોવાની વિગતો પણ સામેલ હતી.'ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ'ના અહેવાલ અનુસાર, યુએસ મિલિટરીના જોઈન્ટ સ્ટાફના સૈન્ય અધિકારીઓ અને નાગરિક કર્મચારીઓને આ ટેસ્ટમાં પૂછવામાં આવ્યું હતું કે શું તેમણે પત્રકારોને સંવેદનશીલ માહિતી લીક કરી છે? અહેવાલ મુજબ, ઓગસ્ટ મહિનામાં લેવાયેલા આ પોલિગ્રાફ ટેસ્ટનો હેતુ ખાનગી માહિતી ઉજાગર કરનાર વ્યક્તિઓને શોધવાનો અને ભવિષ્યમાં આવું કરી શકે તેવા અન્ય લોકોને ડરાવવાનો હતો.

KALAMANDIR
YOUR FAVOURITE JEWELLERY DESTINATION
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,40,530/-
18 KT 1,14,940/- 14 KT 89,350/-
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા | +91 95109 70230

## પેજ 3

### અધિકારીઓ પર કંગના રનૌત લાલઘૂમ: MP ફંડ વાપરવામાં ઢીલ બદલ લગાવી ફટકાર



નવી દિલ્હી, તા. ૫: અભિનેત્રી અને ભાજપનાં સાંસદ કંગના રનૌતે શનિવારે હિમાચલ પ્રદેશમાં તેમના મંડી સંસદીય મતવિસ્તારમાં યોજાયેલી ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કોઓર્ડિનેશન એન્ડ મોનિટરિંગ કમિટી (દિશા)ની બેઠક દરમિયાન એમપીએલએડીએસ યોજના હેઠળ ફંડના ધીમા વપરાશ બદલ અધિકારીઓને ફટકાર લગાવી હતી. વાયરલ થયેલા એક વીડિયોમાં ગુસ્સે ભરાયેલાં રનૌતે કહ્યું કે તેમના સાંસદ ફંડ હેઠળ લગભગ રૂ. ૧૧ કરોડ ઉપલબ્ધ હતા, પરંતુ અધિકારીઓએ માત્ર રૂ. ૫૦ લાખ જેટલો જ ખર્ચ કર્યો હતો. ૪૦ વર્ષીય ભાજપનાં સાંસદે કહ્યું, ' 'મને આ નકામા વાયદા ન આપો. મને દર વખતે દિશા કમિટીની બેઠકમાં આ જ સાંભળવા મળે છે.'' રનૌતે બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર્સ (બીડીઓ)ને વિલંબ અંગે પ્રશ્ન કર્યો હતો અને ખર્ચ અંગેના કામગીરી અહેવાલની માંગ કરી હતી. રનૌતે ઉમેર્યું, ' 'જ્યારે મેં દિશા કમિટીની બેઠકો દરમિયાન એમપીએલએડીએસ ફંડ વિશે પૂછ્યું, ''ત્યારે મને કહેવામાં આવ્યું હતું કે 'કોઈપણ પ્રકારની અડચણ નથી' અને લગભગ ૯૦ ટકા ફંડ વપરાઈ ગયું છે.''

### 'બિગ બોસ 20'ના સેટ પર સલમાન ખાન ભડક્યો: પેપરાઝીને આપ્યો ઠપકો



મુંબઈ, તા. 5 : સલમાન ખાન 'બિગ બોસ 20'ના સેટ પર તેમને કવર કરવા આવેલા પેપરાઝી પર ગુસ્સે થઈ ગયો હતો. સલમાને સરેઆમ ફોટોગ્રાફર્સને ઠપકો આપ્યો હતો, જેનો વીડિયો હવે સામે આવ્યો છે. હકીકતમાં, સલમાન ટી-શર્ટ, જીન્સ અને કાઉબોય હેટ પહેરીને 'બિગ બોસ 20'ના મંચ પર શૂટિંગ માટે પહોંચ્યો હતો. સલમાન પોઝ આપી રહ્યો હતો ત્યારે જ એક ફોટોગ્રાફરે- ''બાબા.., બાબા'', બૂમો પાડતાં તેમની પાસે પોઝ આપવાની માંગ કરી. આ સાંભળતાં જ સલમાન નારાજ થઈ ગયો હતો અને ગુસ્સામાં કહ્યું- ''બાબા? આ તારું કામ નથી. મને કેમેરાની સામે આવવાની કોઈ જરૂર નથી.'' આ ઘટનાના થોડા સમય પછી ફરી પેપરાઝી વારંવાર ફોટો લેવા માટે ઉતાવળા દેખાયા, જેનાથી સલમાનના ચહેરા પર ગુસ્સો આવી ગયો.

### ઉત્તરાખંડમાં 'હનુમાન અંશ' ટેક્સ ફ્રી



દહેરાદૂન, તા. 5 (PTI) ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જાહેરાત કરી છે કે, આધ્યાત્મિક નેતા નીમ કરોલી બાબાના જીવન અને ઉપદેશો પર આધારિત ફિલ્મ 'હનુમાન અંશ'ને રાજ્યમાં કરમુક્ત કરવામાં આવશે. ધામીએ શુક્રવારે દહેરાદૂનના એક સિનેમા હોલમાં પોતાની પત્ની ગીતા ધામી, કેબિનેટ સહયોગી ગણેશ જોશી અને પ્રદીપ બત્રા તેમ જ અનેક ધારાસભ્યો સાથે આ ફિલ્મ જોઈ હતી, જે આ વર્ષની સરપ્રાઈઝ હિટ સાબિત થઈ છે. ધામીએ કહ્યું હતું કે, 'હનુમાન અંશ' જેવી ફિલ્મો રાજ્યના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને દેશ અને દુનિયા સમક્ષ રજૂ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# SRCCમાં મોદીનો 'જેન-ઝી' અંદાજ

**સંબોધનમાં** OG, ફ્લેક્સ અને 'ધુરંધર' જેવા શબ્દોનો ઉપયોગ

**૨૦૧૩ના** ભારતની આજના ભારત સાથે સરખામણી કરી

નવી દિલ્હી, તા. ૫: વડાપ્રધાન મોદી તેમના છેલ્લા સંબોધનના ૧૩ વર્ષ પછી દિલ્હી યુનિવર્સિટીની પ્રતિષ્ઠિત શ્રી રામ કોલેજ ઓફ કોમર્સ(SRCC)માં આજે ફરીથી પ્રવચન કરવા આવ્યા હતા, પરંતુ આ વખતે એક નવી શૈલી અને બોલચાલના શબ્દો સાથે આવ્યા હતા. તેમણે જેન-ઝી તરીકે ઓળખાતા યુવા વર્ગમાં પ્રચલિત શબ્દોનો આશરો લીધો હતો.

મોદીએ "OG" શબ્દનો ઉપયોગ કર્યો હતો જે આમ તો ઓરીજીનલ ગેંગસ્ટર જેવા અપશબ્દનો ધ્વનિ ધરાવે છે પરંતુ અહીં તેમણે આ કોલેજના જૂના વિદ્યાર્થીઓ માટે વાપર્યો હતો. તાજેતરમાં લોકપ્રિય થયેલી ફિલ્મ 'ધુરંધર'નો ઉલ્લેખ પણ મોદીએ કર્યો હતો. ભાષાની આ પસંદગીએ પ્રવચનને હળવો સ્પર્શ આપ્યો હતો, જે અન્યથા ૨૦૧૩ અને ૨૦૨૬ વચ્ચે ભારત કેવી રીતે બદલાયું છે તે વિષય પર ધ્યાન કેન્દ્રિત કરતો હતો.

### મોદીએ દિલ્હી મેટ્રોમાં કરી મુસાફરી



નવી દિલ્હી, તા. ૫: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે શ્રી રામ કોલેજ ઓફ કોમર્સ (એસઆરસીસી) પહોંચવા માટે દિલ્હી મેટ્રોમાં મુસાફરી કરી હતી. કાર્યક્રમ પહેલાં પીએમ મોદીએ એસઆરસીસી જવા માટે મેટ્રો લીધી હતી અને બાળકો સાથે વાતચીત કરી હતી.

મોદીએ ૨૦૧૩માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે SRCCની તેમની મુલાકાતને યાદ કરીને શરૂઆત કરી હતી. તેમણે નોંધ્યું હતું કે તે ભાષણના કેટલાક ભાગો ફરીથી સપાટી પર આવ્યા છે અને તાજેતરના દિવસોમાં લોકો દ્વારા તેને ફરીથી જોવામાં અને ચર્ચામાં લેવામાં આવી રહ્યા છે. તેમણે શ્રોતાઓને ૨૦૧૩ના અખબારના અહેવાલો જોવા અને તત્કાલીન કોંગ્રેસની આગેવાની હેઠળની UPA સરકારના શાસન દરમિયાન ભારત જે પરિસ્થિતિઓમાંથી પસાર થઈ રહ્યું હતું તેનો અભ્યાસ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. "જો હું તમારી ભાષામાં કહું તો, અહીંના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ 'OGs' (અસલી ખેલાડીઓ/મૂળ દિગ્ગજો) છે," કોલેજના શતાબ્દી મહોત્સવને સંબોધતા મોદીએ કહ્યું હતું. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની પ્રશંસા કરતા મોદીએ વધુમાં કહ્યું કે, "ધુરંધર ન હશે પરંતુ ધૂમ મચાવી છે." આજે પણ DUમાં એવું કહેવું કે તમે SRCCના છો, એ પોતાનામાં જ એક ફ્લેક્સ છે. મોદીએ યુવાઓમાં વપરાતા ફ્લેક્સ શબ્દનો ઉલ્લેખ કર્યો હતો. વડાપ્રધાને તે સમયના રાજકીય અને આર્થિક વાતાવરણની સરખામણી તેમની સરકાર હેઠળની પરિસ્થિતિ સાથે કરી હતી, જેમાં મોંઘવારી, ભ્રષ્ટાચાર, આતંકવાદી હુમલાઓ અને આર્થિક વૃદ્ધિ અંગેની ચિંતાઓ તરફ ઈશારો કર્યો હતો.

# બલોચિસ્તાનમાં ઉગ્રવાદીઓના હુમલામાં ૨૫ પાકિસ્તાની સૈનિકોનાં મોત

**BLAએ** બે હુમલાઓમાં પાકિસ્તાનના સૈનિકોને મારી નાખ્યાનો દાવો કર્યો, સિનેમેટિક-શૈલીનો વિડીયો પણ જારી કર્યો

**પાકિસ્તાને** આ હુમલા અંગે કોઇ વિગતો જાહેર કરી નહીં

ક્વેટા, તા. ૫: બલોચિસ્તાન લિબરેશન આર્મી(BLA)એ બે અલગ-અલગ હુમલાઓમાં ૨૫ પાકિસ્તાની સૈન્ય કર્મચારીઓને મારી નાખ્યા હોવાનો દાવો કર્યો છે, જેના કારણે ઈસ્લામાબાદ તરફથી તીવ્ર વળતી કાર્યવાહી શરૂ થઈ છે, જ્યારે અશાંત બલોચિસ્તાન પ્રાંતમાં હિંસામાં તીવ્ર વધારો જોવા મળ્યો છે.

BLA, જેણે છેલ્લા કેટલાક મહિનાઓમાં પાકિસ્તાની દળો સામે તેના સશસ્ત્ર અભિયાનને ઝડપી બનાવ્યું છે, તેણે વિસ્ફોટો, ગોળીબાર અને સળગતી પાકિસ્તાની સૈન્યની ટ્રક દર્શાવતો એક નાટકીય, સિનેમેટિક-શૈલીનો વિડીયો પણ જારી કર્યો છે.

શુક્રવારે, BLAએ દાવો કર્યો હતો કે ઝિયારત ક્રોસ પર તેના ફતેહ સ્કવોડના લડાયકોએ લશ્કરી કાફલા પર હુમલો કરીને બે વાહનોને નષ્ટ કરી દીધા હતા, જેમાં ૧૮ પાકિસ્તાની કર્મચારીઓ માર્યા ગયા હતા.

અલગતાવાદી જૂથે જણાવ્યું હતું કે અન્ય પાંચ પાકિસ્તાની કર્મચારીઓ ઘાયલ થયા હતા પરંતુ તેઓ ભાગવામાં સફળ રહ્યા હતા.

સુરબના હાજીકા ખાતેના એક અલગ હુમલામાં, BLA એ દાવો કર્યો હતો કે તેના STOS યુનિટે રિમોટ-કંટ્રોલ વાહન દ્વારા બ્લાસ્ટ કર્યો હતો જેમાં ૭ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા.જો કે જાનહાનીના આંકડાઓની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ શકી નથી. પાકિસ્તાને આ હુમલાઓ અંગે કોઈ વિગતો જાહેર કરી નથી.

શિક્ષકદિને તમામ શિક્ષકોને આદરપૂર્વક વંદનસહ
"ટેકનોલોજી માહિતી આપી શકે છે. AI જવાબ આપી શકે છે. પરંતુ, જીવનને દિશા, મુલ્યો અને માનવતા આપવાની શક્તિ આજે પણ શિક્ષક પાસે છે."
લી.
સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન સોસાયટી, ઇસરોલી, તા. બારડોલીના હોદ્દેદારો અને સભ્યો અને સંચાલિત કોલેજો આર.એન.જી. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, એન.જી. પટેલ પોલીટેકનીક, SVPES કોલેજ ઓફ ફાર્મસીના તમામ કર્મચારીઓ
https://rngpit.ac.in, https://ngpatelpoly.ac.in, https://nscop.org.in